મહેસાણામાં ખાનગી શિક્ષણ સંસ્થાઓ ડોનેશન પેટે તગડી રકમ લઈ ઉઘાડી લૂંટ ચલાવવાની ફરિયાદ

મહેસાણા, તા. ૧૦

મહેસાણા જિલ્લામાં આવેલ ખાનગી શિક્ષણ સંસ્થાઓ પૈકી મોટા ભાગની સંસ્થાઓના સંચાલકો વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં બિન્દાસપણે ડોનેશન પેટે તગડી રકમ લઈને ઉઘાડી લૂંટ ચલાવી રહ્યા હોવાની લોક ફરિયાદો ઉઠી છે.

મહેસાણા જિલ્લામાં પ્રાથમિક માધ્યમિક સહિતની અગ્રમી ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ છે. વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાની કાર્યવાહી ચાલી રહી છે ત્યારે અપવાદ રૂપ કેટલીક કોલેજ, સંસ્થાઓને બાદ કરતા મોટાભાગની સંસ્થાઓ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં ડોનેશન પેટે મોટી રકમની માંગણી કરીને ગરજવાન શિક્ષિત યુવાન યુવતીઓના વાલીઓ પાસેથી ઉઘાડી લૂંટ ચલાવી રહ્યા હોવાના આક્ષેપો થઈ રહ્યા છે. કેટલીક સ્વનિર્ભર કોલેજોમાં પણ ખાનગીમાં રીતસર તગડી રકમ પડાવવામાં આવે છે. નવી શરૂ થયેલ કોલેજો પણ આમાં બાકાત રહી નથી. તેવું કહેવાય છે. શૈક્ષણિક સંસ્થાઓના સંચાલકો પ્રવેશ આપવાની બાબતમાં તગડી રકમ ઉઘરાવીને પવિત્ર શિક્ષણને કલંકિત કરી શિક્ષણના નામે વેપાર કરી રહ્યા છે. સંસ્થાઓમાં બેઠેલા સંચાલકો ટ્રસ્ટીઓ નૈતિક મૂલ્યોને નેવે મુકી શિક્ષણના વેપારની હાટડી શરૂ કરી હોવાનું કહેવાય છે. કેટલીક સંસ્થાઓમાં શિક્ષણનો ધંધો બની ગયો છે તેવું ચર્ચાય છે.

બનાસકાંઠા જિલ્લાના પાલનપુર ખાતે એસ.ટી. વિભાગીય કચેરી ખાતે એસ.ટી. બોર્ડના ડિરેક્ટરના અધ્યક્ષ સ્થાને આજે ૧૦૩ જેટલા ઈલેક્ટ્રીશયન તેમજ હેલ્પરોને નિમણુંક પત્રો આપવામાં આવ્યા હતાં.

એ.ટી. બોર્ડના ડિરેક્ટર અરજણભાઈ રબારી, ડી.સી. કે.બી. પરમાર પાલનપુર પાલિકાના પ્રમુખ હસમુખ પટિયાર, અમૃત જોષી, શહેર ભાજપના પ્રમુખ અભિકેત ઠાકર, દિપક નાઈ વગેરે આમંત્રિત મહાનુભાવો હાજર રહ્યાં હતાં.

(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

પાંચ દિવસ પહેલા દફનાયેલો પરિણીતાનો મૃતદેહ બહાર કઢાયો

હત્યાની શંકા વ્યક્ત કરતા પિયરીયાઓએ મૃતદેહ બહાર કઢાવી પી.એમ. કરાવડાવ્યું

દાંતીવાડા, તા. ૧૦

પાટણ તાલુકાના મડાણા (ડાંગીયા) ગામની પરિણીતાના શંકાસ્પદ મોત બાદ માતા-પિતાની ફરિયાદના આધારે ૫ દિવસ પછી તંત્રના અધિકારી અને ગ્રામજનોની હાજરી પોલીસ મૃતક પરિણીતાના મૃતદેહને કબરમાંથી બહાર કઢાવી પી.એમ. અર્થે અમદાવાદ સિવિલ હોસ્પિટલ મોકલી આપ્યો છે. હાલ આ મામલો ભારે ચર્ચાનો વિષય બન્યો છે. પોલીસે શંકાના આધારે મૃતક પરિણીતાના પતિની વિરૂદ્ધ તપાસ આરંભી છે.

પાટણ તાલુકાના મડાણા ગામના મહમંદભાઈ સુમરાના લગ્ન ચાર વર્ષ પહેલા સોનલ સુમરા (ઉ.વ.૨૬) સાથે ધામધૂમથી થયા હતા. અને બન્નેનું લગ્ન જીવન પણ યોગ્ય વિતી રહ્યું હતું. પરંતુ ગત બુધવારના રોજ અગમ્ય કારણોસર સોનલનું મૃત્યુ થયું હતું. આ મોત અંગે પતિ મહમંદ સુમરાએ મૃતક પરિણીતાના પિયરમાં તેણીના પિતાને આ મોતના સમાચારની જાણ કરતા જણાવ્યું હતું કે તમારી દિકરીએ કોઈ કારણોસર ઝેરી દવા પી લીધી છે અને તેનું મૃત્યુ થયું છે. બાદ બન્ને પરિવારજનો અને સમાજની હાજરીમાં મૃતક પરિણીતાને દફનાવામાં આવી હતી. પરંતુ ચાર દિવસ પછી મૃતકના પિયર પક્ષને મોત બાબતે શંકા થતા મૃતકના પિતા રહિમભાઈ સુમરાએ ગઢ પોલીસમથકમાં પોતાની દિકરીની હત્યાની આશંકાએ ફરિયાદ નોંધાવતા પોલીસ મથકના પી.એસ.આઈ. એ.કે. ગઢવીએ સ્ટાફના પોલીસ કર્મીઓએ ભેગા મળી કબ્રસ્તાનમાં આવી તપાસ હાથ ધરી હતી અને બાદમાં પાલનપુર મામલતદાર અને નાયબ કલેક્ટરની હાજરીમાં પોલીસે મૃતક પરિણીતાના મૃતદેહને કબરમાંથી બહાર કઢાવ્યો હતો. અને પી.એમ. અર્થે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં મોકલી અપાઈ હતી. જ્યારે પોલીસે આ મામલે ગંભીરતા દાખવી ગણતરીના કલાકોમાં જ મૃતક પરિણીતાના પતિને શંકાના આધારે ઝડપી પાડી તેના વિરૂદ્ધ વધુ તપાસ હાથ ધરી છે.

(તસવીર : પ્રવિણ પટેલ, દાંતીવાડા)

ભિલોડા તાલુકામાં એકા-એક અમી છાંટણા આવતા ખેડુતો હરખાયા : વાવાઝોડાના કારણે પ્રજાજનો હેરાન પરેશાન

(પ્રતિનિધિ ધ્વારા) ભિલોડા, તા.૧૦

ભિલોડા તાલુકામાં એકા-એક વાતાવરણમાં પલટો આવ્યા બાદ વરસાદના અમી છાંટણા આવતા ખેડુતો હરખાયા હતા.વાવાઝોડાના કારણે પ્રજાજનો હેરાન પરેશાન બન્યા હતા.સાબરકાંઠા જીલ્લા સહિત ભિલોડા તાલુકામાં એકા-એક વાતાવરણમાં નાટ્યત્મક રીતે પલટો આવ્યા બાદ વરસાદના અમી છાંટણા આવતા ઠંડક પ્રસરી હતી.દિવસ દરમ્યાન કાળઝાળ અસહ્ય ગરમીનો પ્રકોપ રહ્યો હતો ત્યારે બે-ત્રણ દિવસથી આકાશમાં ઘટાટોપ વાદળો ઘેરાતા હોવાના કારણે ખેડુતોની નજર આકાશ તરફ રહેતી હતી. આકાશમાં ગોરંભાયેલા વાદળોના કારણે અમી છાંટણા વરસતાં ભીની માટીની મહેંક સાથે જ સામાન્ય રીતે ગરમીના માહોલમાં ઠંડક પ્રસરી હતી.વરસાદના એંધાણ વર્તાતા હોવાના કારણે સાબરકાંઠા જીલ્લા સહિત ભિલોડા, મોડાસા, વિજયનગર, ખેડબ્રહ્મા, મેઘરજ, માલપુર તાલુકાના ખેડુતોમાં આનંદ જોવા મળતો હતો. વહેલી સવારે અને સાંજે આકાશ વાદળો ઘેરાતા હતા ત્યારે ક્યાંક-ક્યાંક અમીછાંટણા આવતા વાતાવરણમાં ભીની માટીની મહેંક પ્રસરેલ હતી. આકાશમાં ગોરંભાયેલા વાદળોના કારણે ધરતીપુત્રોમાં ખુશીની લહેર જોવા મળેલ હતી. સમી સાંજે પવનના સુસવાટા સાથે જોરદાર વાવાઝોડુ આવતા ઠેર-ઠેર મોટા-મોટા હોર્ડિંગ્સો ઉડતા જોવા મળેલ હતા. ધુળની ડમરીઓ ઉડતા વાહન ચાલકો મુશ્કેલીમાં મુકાયા હતા.સમી સાંજે અસહ્ય ગરમી બાદ વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી જેના કારણે પ્રજાજનોએ હાશકારો અનુભવ્યો હતો.

શૈલેષભાઈ મોથલીયા,ઘાંટીવાળાના જણાવ્યા મુજબ ઈડર તાલુકાના ઢીંચણીયા ગામમાં વાવાઝોડું આવતા તીવ્ર પવનના સુસવાટાના કારણે એક મકાનની છતના પતરાં ઉડતા મકાન માલીક બેચરભાઈ અમૃતભાઈ પાલીયાને આશરે રૂા.૫૦,૦૦૦/- થી ૬૦,૦૦૦/-નું નુકશાન થયેલ હોવાનું આધારભુત સુત્રો ધ્વારા જાણવા મળેલ છે.

ઈડર ખાતે ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ કોર્પોરેશનના ઉપક્રમે સાધન સહાયનું વિતરણ કરાયું

હિંમતનગર, તા. ૧૦

ગુજરાત સરકારે રાજયના અનુસૂચિત જાતિઓના સામાજિક અને આર્થિક ઉન્નતિના કાર્યને પ્રાથમિકતા આપી હોવાનું રાજયના સામાજિક અને ન્યાય અધિકારીતા મંત્રી રમણલાલ વારાએ જણાવ્યું હતું.

સાબરકાંઠા જિલ્લાના ઈડર ખાતે યોજાયેલા જાગૃકતા શિબિર અને લોન-વાહન વિતરણ કાર્યક્રમના મંગલદિપ પ્રજ્જવલિત કરીને મંત્રીશ્રીએ નિગમ દ્વારા અનુસૂચિત જાતિના સર્વાંગી વિકાસ માટે બનાવાયેલી યોજનાઓનો લાભ લઈ આર્થિક અને સામાજિક ઉન્નતિ સાધવા અનુરોધ કર્યો હતો.

મંત્રીશ્રીએ નિગમની વિવિધ યોજનાઓની સવિસ્તાર માહિતી આપતા જણાવ્યું હતું કે, સાબરકાંઠા જિલ્લામાં નિગમ દ્વારા છેલ્લા દશ વર્ષમાં અનુસૂચિત જાતિના ૨૫૫૬ લાભાર્થીઓને ૧૨ કરોડથી વધુની વિવિધ બેંકોની સહયોગથી લોન ધિરાણ તેમજ સાધન સહાય ચૂકવવામાં આવી છે. જેમાં ૧૩૩૨ મહિલાઓને આર્થિક રીતે સમૃદ્ધ બનાવવા મહિલા સમૃદ્ધિ ધિરાણ યોજનાનો લાભ આપવામાં આવ્યો છે.

આ પ્રસંગે અનુસૂચિત જાતિ આર્થિક વિકાસ કોર્પોરેશનના ઉપાધ્યક્ષશ્રી જીતુભાઈ વાઘેલાએ પ્રાસંગિક પ્રવચન કરતા ઉમેર્યું હતું કે, રાજય સરકારે અનુસૂચિત જાતિના વિકાસ માટે અનેક યોજનાઓ બનાવી છે. તેનો લાભ લઈ આર્થિક રીતે પગભર બનવા હાકલ કરી હતી.

અનુસૂચિત જાતિ આર્થિક વિકાસ નિગમના ડિરેક્ટર છગનભાઈ પરમારે ગુજરાત સરકાર દ્વારા અનુસૂચિત જાતિઓના વિકાસ ભૂતકાળમાં ન હતી તેટલી યોજનાઓ અમલમાં મૂકી હોઈ આ યોજનાઓના સથવારે અન્ય સમાજની હરોળમાં વિકાસ સાધવા જણાવ્યું હતું.

આ કાર્યક્રમમાં મંત્રી રમણલાલ વોરા અને અન્ય મહાનુભવોના હસ્તે ૧૬૪ લાભાર્થીઓને રૂા. ૧.૬૪ કરોડના સહાયના ચેક અને સાધન સહાયના કિટસનું વિતરણ કરવામાં આવ્યું હતું.

પ્રારંભમાં ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ કાર્પોરેશનના મેનેજિંગ ડિરેક્ટર આર.એમ. જાદવે આવકાર પ્રવચન કર્યું હતું.

સમગ્ર કાર્યક્રમમાં પ્રાંત અધિકારીશ્રી પરમાર, ઈડર તાલુકા પંચાયતના પ્રમુખ પંકજભાઈ દેસાઈ, મોડાસા તાલુકા પંચાયતના પ્રમુખ ભાવનાબેન વણકર, ઈડર નગરપાલિકાના પ્રમુખ કુલદિપસિંહ જાડેજા, હિંમતનગર નગરપાલિકાના પ્રમુખ શંકરભાઈ કહાર, જિલ્લા સામાજિક ન્યાય સમિતિના ચેરમેન રામજીભાઈ વણકર, ઈડર તાલુકા પંચાયતના પૂર્વ પ્રમુખ મૂળજીભાઈ પરમાર અને અશ્વિનભાઈ પટેલ સહિત જિલ્લા અને તાલુકાના અગ્રણીઓ સહિત લાભાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

ઉનાળાના ગરમી અને ઉકળાટના વાતાવરણમાં ગરમીથી રાહત મેળવવા ઠંડા પીણાં તથા ફ્રીઝનું પાણી પીતા હોય છે. તો સાથે સાથે કેટલાય લોકો આબુરોડના ખાસ તથા અન્ય પ્રકારનાં માટલા ખરીદી તેનું કુદરતી શીતળ પાણી પીને તૃપ્તિ અનુભવતા હોય છે. સામાન્ય રીતે પાલનપુરમાં દિલ્હીગેટ તથા સિમલાગેટ વિસ્તારમાં મુસ્લિમ ગરીબ મહિલાઓ માટલાં વેચતી હોય છે. ઉપરોકત તસવીરમાં સંધ્યા ટાણે ફુરસદના સમયે એક મહિલા રસપૂર્વક અખબાર વાંચતી દૃષ્ટિગોચર થાય છે. ગુજરાતમાં શિક્ષણ ક્ષેત્રે મુસ્લિમ સમાજ પણ સમય સાથે કદમ મેળવી જીવનને શિક્ષણથી પ્રગતિ ભણી વાળીને પોતાની ભાવિ પેઢીઓનું ઉજ્જવળ ભવિષ્ય આપવા કટિબધ્ધ થયો છે એની પ્રતીતિ થાય છે.

જિલ્લાની ૯૮૭ પ્રાથમિક શાળાઓમાં શાળઆ પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજાશે

મહેસાણા, તા. ૧૦

મહેસાણઆ જિલ્લાની ૯૮૭ પ્રાથમિક શાળાઓમાં ગ્રામીણ અને શહેરી કક્ષામાં ૬૯ રૂટમાં ફરનાર છે. ધોરણ-૧ માં ૨૧,૮૧૧ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવશે. ધોરણ-૧ માં પ્રવેશ પામતી ૧૧૯૦ કન્યાઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવામાં આવશે. તેમજ ધોરણ-૮ માં પ્રવેશ પામતી ૧૧૩૨ કન્યાઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવામાં આવશે. તેમજ શહેરી બી.પી.એલ. કુટુંબની ૩૨૦ કન્યાઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવામાં આવશે.

લોકભાગીદારીથી રમકડાં કીટ આંગણવાડી દીઠ વિતરણ કરાશે. તેમજ ધોરણ-૩થી ધોરણ-૮ સુધીમાંપ્રથમ અને દ્વિતીય સ્થાને ઉર્તીણ થનારા વિદ્યાર્થીઓને પુસ્તક આપી સન્માનીત કરાશે.

મહેસાણા જિલ્લાનો ડ્રોપ આઉટ રેટ ૨૦૧૦-૧૧માં ધોરણ ૧થી ૫ માં ૦.૫૧ ટકા તેમજ ધો.-૬થી ૮માં ૦.૪૮ ટકા અને ધો.-૧ થી ૭નો કુલ ૦.૫૦ ટકા ડ્રોપ આઉટ રેશીયો થયો છે. વર્ષ ૨૦૧૩-૧૪માં જિલ્લામાં ૩૪ શાળાઓમાં ધોરણ-૮ના વર્ગો શરૂ થવાના છે.

૧૩ જૂન ૨૦૧૩ના રોજ ગૃહ રાજયમંત્રીશ્રી બેચરાજી તાલુકામાં ૧૪ ૨૦૧૩ના રોજ વિજાપુર તાલુકામાં અને ૧૫ જૂન ૨૦૧૩ના રોજ ખેરાલુ તાલુકામાં શાળા પ્રવેશોત્સવ યોજાનાર છે.

શાળા પ્રવેશોત્સવના દિવસે પ્રભાત ફેરી, પ્રાર્થના, સ્વાગત કાર્યક્રમ કીટ વિતરણ, તેજસ્વી તારલાઓનું સન્માન, સૌથી વધુ હાજરી આપનાર બાળકોનું સન્માન ધોરણ- ૬થી ૮ અને આંગણવાડી બાળકોને પ્રવેશ વીધી રમકડાંની કીટનું વિતરણ સર્ગભા અને ધાત્રી માતાઓને સુખડીનું વિતરણ, દાતાઓનું સન્માન, વિદ્યાલક્ષ્મી બોન્ડનું વિતરણ, શિષ્યવૃત્તિનું, મહેમાનોના આશિવચન સહિત વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે.

ગુજરાત રાજયના લોકલાડીલા મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીને પ્રચાર સમિતીના અધ્યક્ષ પદે નિમણુંક કરાતા ભિલોડા તાલુકા ભાજપના હોદેદારો અને કાર્યકરો ધ્વારા ફટાકડા ફોડી જશ્ન મનાવાયો હતો. ગોવામાં ભારતીય જનતા પાર્ટીની રાષ્ટ્રીય કારોબારીની બેઠકના અંતિમ દિવસે ગુજરાત રાજયના લોકલાડીલા મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીને ભાજપ ચુંટણી પ્રચાર સમિતીના અધ્યક્ષ અને સુકાની બનાવતા ભિલોડા તાલુકા ભારતીય જનતા પાર્ટીના હોદેદારો અને કાર્યકરો ધ્વારા ભિલોડા મીની પોલીસ ચોકી મઉ ચાર રસ્તા પાસે ફટાકડા ફોડવાનો અને આતશબાજી કરવાનો ભવ્યાતિભવ્ય કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે ભિલોડા તાલુકા ભાજપ પ્રમુખ કાંતીલાલ પટેલ, ભિલોડા તા.પં. પ્રમુખ અમરતભાઈ બરંડા, કિર્તીભાઈ બારોટ, ભિલોડા ગ્રામ પંચાયત સરપંચ મનોજભાઈ પટેલ, યોગેશભાઈ બુધ્ધ, મુકેશભાઈ પંચાલ, જગદીશભાઈ પટેલ, યજ્ઞેશભાઈ પંચાલ, રામઅવતાર મિસ્ત્રી સહિત અગ્રણી હોદેદારો અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL Radhe TILES WORLD ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પ્લસ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર

કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

પ્રાંતિજના સ્વામીનારાયણ મંદિરમાં ધામધૂમથી પાટોત્સવ ઉજવાયો

પ્રાંતિજ મુકામે આવેલ સ્વામિનારાયણ મંદિરમાં બિરાજમાન ધર્મભકિત હરિકૃષ્ણ મહારાજના ૧૨૬માં વાર્ષિક પાટોત્સવની ભારે ધામધૂમપૂર્વક તાજેતરમાં ઉજવણી કરવામાં આવી હતી. પ્રાંતિજના મુખ્ય બજાર ચોક વિસ્તારમાં આવેલ સ્વામીનારાયણ મંદિર ખાતે ભારે હર્ષોલ્લાસપૂર્વક યોજાયેલા ધર્મ ભકિત હરિકૃષ્ણ મહારાજના ૧૨૬માંપાટોત્સવ મંદિરના મહંત માધવદાસજીની પ્રેરણાથી ઉજવવામાં આવ્યો હતો. જેમાં અમદાવાદ, જેતપુર, ગાંધીનગર, માણસા, હિંમતનગર સહિતના શહેરોમાંથી સંતો-મહંતો અને ભકતો આ દિવ્ય પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતાં. ધાર્મિક કાર્યક્રમમાં વિવિધ સંતોએ આર્શીવાદત્મક વાણીનો લાભ આપ્યો હતો. પૂજય મોટા મહારાજના વરદ હસ્તે વેદોકત વિધિથી સંપન્ન થયો હતો.

સાબલવાડ ગામે સુંદરકાંડનો પાઠ

સાબરકાંના ઈડર તાલુકામાં આવેલ સાબલવાડ ગામે તાજેતરમાં ભારે ઉત્સાહપૂર્વક હનુમાનદાદાના મંદિરે ભવ્ય સુંદરકાંડના પાઠનું આયોજન કરવામાં આવ્યું હતું.

સાબલવાડ ગામે સ્થિત હનુમાનદાદાના મંદિરે યોજાયેલ આ સુંદરકાંડમાં મહારાજ જનકભાઈ શાસ્ત્રી દ્વારા આવર્તન કરવામાં આવ્યું હતું. આ સુંદરકાડમાં ભાવિકો અને શ્રધ્ધાળુઓની હાજરીથી વાતાવરણ ભકિતમય બન્યું હતું